॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ

## ભગવાહૃદયી સાધુતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના યુગદ્રષ્ટા





**પરમ** સાધુતાની મૂર્તિ યોગીજી મહારાજ જેવા આધ્યાત્મિક યુગવિભૂતિ હજારો વર્ષોમાં એકાદવાર જ ભગવદ્ કૃપાથી આધ્યાત્મિક ઉત્ક્રાંતિના પ્રણેતારૂપે આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે !

બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ એક અવર્ણનીય, અકલ્પનીય અને અતુલ્ય એવા આધ્યાત્મિક યુગવિભૂતિ હતા. તેઓના જીવનના પ્રત્યેક પરિમાણમાં તેઓએ સર્વોત્તમ પરાકાષ્ઠાનાં દર્શન કરાવ્યાં છે. નવજાત શિશુરૂપે તેઓની સહજ બાળલીલાનાં દર્શન કરનારાં સૌને તેઓ દ્વારા પ્રગટ દિવ્ય શક્તિની ઝાંખી થતી. એક વિદ્યાર્થીરૂપે યોગીજી મહારાજે વિદ્યાભ્યાસના સમગ્ર કાર્યકાળ દરમિયાન એક આદર્શ વિદ્યાર્થીરૂપે જીવન મૂલ્યોનાં આચરણ દ્વારા સૌને આદર્શ વિદ્યાર્થીના અનુભવ કરાવ્યા છે. કિશોર અવસ્થામાં ભગવદ્‌નિષ્ઠ સાધુના સમાગમ તથા સેવા-પરિચર્યાથી તેઓએ ભગવદ્‌ભક્તિનાં સર્વોત્તમ દર્શન કરાવ્યાં. ભાગવતી દીક્ષા પ્રાપ્ત કરી તે પછીનું તેઓનું જીવન તો એક મહાયોગીનું જીવન રહ્યું. જીવનની પ્રત્યેક પળે યોગીજી મહારાજે અપ્રતિમ દાસત્વભાવને જીવન, વિચાર, વાણી અને વર્તનમાં સહજ બનાવ્યા. સેવા, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, સુહૃદભાવ જેવા પરમ દૈવી સદ્‌ગુણો તો જાણે યોગીજી મહારાજના જીવનના અને વ્યક્તિત્વના સહજ અને અભિન્ન અંગરૂપ હતા. જીવનની પ્રત્યેક પળે પોતાના ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને અંતરથી રાજી કરી લેવાના ઉમંગ યોગીજી મહારાજના શરીરની નસેનસમાં જાણે લોહીના સ્થાને વહેતા હોય તેવી યોગીજી મહારાજની ગુરુભક્તિ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનારૂપી બ્રહ્મવિદ્યાને તેઓએ પોતાની જીવનદૃષ્ટિ અને જીવનશૈલી બનાવી હતી. તેઓની અતિ સરળતા, અતિશય વિનમ્રતા, કલ્પનાતીત દાસત્વ અને ભગવાન, ભગવાનના સંતો-ભક્તોના અપાર માહાત્મ્યના કારણે વર્ષોપર્યંત યોગીજી મહારાજના પરમ દિવ્ય સ્વરૂપની યથાર્થ ઝાંખી દુર્લભ રહી. આ દિવ્ય મૂર્તિને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શ્રી શાસ્ત્રીજી મહારાજે સર્વપ્રથમ ઓળખાવી. તેઓએ યોગીજી મહારાજનાં દિવ્ય સ્વરૂપ અને સામર્થ્યની ઝાંખી કરાવતાં કહ્યું, “આ યોગીજી મહારાજ તો અનંત કોટી બ્રહ્માંડોનો વ્યવહાર ચલાવે તેવા છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં શ્રી વેદ વ્યાસે સાચા સાધુના ગુણો વર્ણવ્યા છે; એ સર્વ ગુણો સહિત એ વર્ણનમાં સાચા સાધુના કોઈક ગુણ લખવાના રહી ગયા હોય તો તે સર્વ ગુણ આ યોગીજી મહારાજમાં છે.” અને પછી અંતર્ધાન થતાં પહેલાં તો પરભાવમાં આવીને બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે એક જ

વાક્યમાં યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપના સાર કહી દીધા. તેઓએ કહ્યું, “હું તે યોગી અને યોગી તે હું !”

૧૯૫૧માં બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે પોતાની દેહલીલા સંકેલી, ત્યાર પછી બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે સત્સંગધૂરા સંભાળી. ત્યારે પણ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય નિર્દેશ છતાંય હજુ પણ યોગીજી મહારાજની સામર્થી અને દિવ્ય સ્વરૂપ વિશે પૂર્ણ શ્રદ્ધા દુર્લભ હતી. ધન્ય છે પરમ દિવ્ય પૂજ્ય કાકાજી મહારાજને ! ૧૯૫૨માં યોગીજી મહારાજનાં સંકલ્પ, પ્રાર્થનાના દિવ્ય બળે ગોંડલ તીર્થધામમાં પ્રગટ મંદિરજીમાં સાક્ષાત્ બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સન્મુખ પરમ પૂજ્ય કાકાજી મહારાજને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં લક્ષ થઈ ગયો–સમાધિ દ્વારા સાક્ષાત્કારની અનુભૂતિ થઈ. આ અનુભૂતિના ઠોસ આધાર પર પરમ દિવ્ય પૂજ્ય કાકાજી મહારાજે યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપ અને સામર્થ્યનાં જે મહિમાગાન કર્યાં તે દ્વારા સમગ્ર સત્સંગસમાજને યોગીજી મહારાજના દિવ્ય સ્વરૂપનો યથાર્થ મહિમા સમજાતો ગયો, વધતો ગયો. ૧૯૫૧થી ૧૯૭૧ના માત્ર બે દાયકાના ટૂંકા સમયગાળામાં બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે જે આધ્યાત્મિક યુગકાર્યોનાં બીજ વાવ્યાં, પ્રારંભ કર્યાં અને પ્રેરણા આપી તે સર્વે આજે તો એક વૈશ્વિક આધ્યાત્મિક ઉત્ક્રાંતિનું સ્વરૂપ લઈ ચૂક્યાં છે. તે સર્વ દિવ્ય કાર્યોમાં અનુપમ એવું યુગકાર્ય તે ૧૯૬૬ની ૧૪મી મેના દિવસે શાહીબાગ, અમદાવાદના મંદિરજીમાં પોતાની ઓરડીમાં યુવાન જશભાઈ (ગુરુહરિ સાહેબજી)ને “તમારાં સૌનાં હૃદય ભગવાં કરી તમને સાધુ કરવા છે...” એ આધ્યાત્મિક મહાવાક્ય રૂપી મંત્રદીક્ષા આપી ભારતીય સંન્યાસ પરંપરાના ઈતિહાસમાં એક અદ્વિતીય વિરાટ પગલું ભર્યું તે છે. આજે યોગીજી મહારાજના આશીર્વાદ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી સંતભગવંત સાહેબજીની નિશ્રામાં ૧૦૮ યુવાઓ કર્મયોગ અને ભક્તિયોગનો સમન્વય સાધી ભગવાં વસ્ત્ર વિના પોતાનાં હૃદયને ભગવાં કરી યોગીજી મહારાજના જશનું ગીત બની જીવી રહ્યા છે.

ભગવા હૃદયી સાધુતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિના યુગદૃષ્ટા બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજને ૧૩૫મા પ્રાગટ્ય મહામંગલપર્વે તથા શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષાની હીરક જયંતીના ઐતિહાસિક વર્ષે અનંત વંદન સહ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ ! ◆

~સા.મ... ~ સાધુ મનોજદાસ

